### ઉચ્ચ અધિકારીઓની ભૂમિકા શંકાના દાયરામાં : હાજરી પત્રકમાં ગેરરીતિ બદલ કલેક્ટરને રજૂઆત

# ગુજરાત વન વિકાસ નિગમમાં કરોડોની ગેરરીતિના આક્ષેપ

**ગેરહાજર** કર્મચારીઓને હાજર બતાવી સરકારી તિજોરીને ચૂનો લગાડવાનો આક્ષેપ




(પ્રતિનિધિ) વડોદરા. તા.૩

શહેરમાં વહીવટી તંત્રના નાકે આવેલા પોર સ્થિત ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડમાં લાંબા સમયથી ચાલી રહેલી ગંભીર ગેરરીતિઓનો મુદ્દો ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. નિગમની કચેરીમાં ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓ અને અધિકારીઓની મિલીભગતથી હાજરી પત્રકમાં મોટા પાયે ચેડાં કરવામાં આવતા હોવાનો ચોંકાવનારો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે કલેક્ટરને આવેદનપત્ર આપીને સમગ્ર કૌભાંડની તટસ્થ તપાસની માંગ કરવામાં આવતા વહીવટી બેડામાં ખળભળાટ મચી ગયો છે. **સરકારી કચેરીમાં આ પ્રકારની ગેરરીતિના આક્ષેપો સામે આવતા કર્મચારી વર્તુળોમાં પણ અનેક પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ છે.

અરજદારોએ કરેલા ગંભીર આક્ષેપો મુજબ, વન વિકાસ નિગમના પોર સ્થિત કાર્યાલયમાં ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓ લાંબા સમયથી ફરજ પર ગેરહાજર હોવા છતાં, તેમને રેકોર્ડ પર હાજર દર્શાવવામાં આવે છે. આ પ્રકારની ખોટી હાજરી પૂરીને તેમના નામે પગાર અને અન્ય ભથ્થાઓના સરકારી નાણાંનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. દસ્તાવેજોમાં કરવામાં આવેલી આ હેરાફેરી પાછળ કચેરીના જવાબદાર અધિકારીઓની સીધી સંડોવણી હોવાની આશંકા સેવાઈ રહી છે, જે તપાસનો વિષય છે.

સૌથી વધુ આશ્ચર્યજનક બાબત એ છે કે, આ અંગેના પુરાવાઓ સાથે મેનેજિંગ ડિરેક્ટર અને વડોદરા કચેરીના ઉચ્ચ અધિકારીઓને અગાઉ અનેકવાર લેખિતમાં રજૂઆતો કરવામાં આવી હતી. તેમ છતાં, આજદિન સુધી કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. અરજદારોનો આક્ષેપ છે કે, વારંવારની રજૂઆતો છતાં તંત્રની આ નિષ્ક્રિયતા સાબિત કરે છે કે ઉપરી અધિકારીઓ ક્યાં તો આ કૌભાંડમાં સામેલ છે અથવા નીચલા સ્તરના કર્મચારીઓને છાવરવાનો પ્રયાસ કરી રહ્યા છે. **જો આક્ષેપો સાચા સાબિત થશે તો સમગ્ર પ્રકરણમાં અનેક જવાબદારો સામે કાર્યવાહી થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આંતરિક રજૂઆતોનું કોઈ પરિણામ ન આવતા, આખરે અરજદારોએ વડોદરા કલેક્ટર કચેરી ખાતે રજૂઆત કરી હતી. આજે કલેક્ટરને આપવામાં આવેલા આવેદનપત્રમાં માંગ કરવામાં આવી છે કે, આ સમગ્ર પ્રકરણની કોઈ સ્વતંત્ર અને નિષ્પક્ષ એજન્સી દ્વારા તપાસ કરવામાં આવે. કચેરીના હાજરી પત્રકોની ઝીણવટભરી તપાસ કરીને જે પણ જવાબદારો સામે આવે, તેમની સામે કડકમાં કડક કાયદાકીય પગલાં લેવામાં આવે તેવી પ્રબળ માંગ સાથે તંત્રને ચેતવણી આપવામાં આવી હતી.

### વડોદરા કોર્પોરેશનમાં વધુ એક વિવાદથી રાજકીય ગરમાવો

# વૃક્ષોના કટીંગ-ટ્રીમીંગના કોન્ટ્રાક્ટમાં અંદાજ કરતાં વધુ ભાવનું ટેન્ડર આવ્યું

**જે.પી. કન્સ્ટ્રક્શનનું** ટેન્ડર મંજૂર થશે તો પાલિકાની તિજોરી પર લાખો રૂપિયાનું વધારાનું આર્થિક ભારણ આવશે

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરી સુખાકારી અને પર્યાવરણની જાળવણી માટે અવારનવાર વિવિધ ટેન્ડરો બહાર પાડવામાં આવતા હોય છે, પરંતુ તાજેતરમાં દક્ષિણ ઝોનમાં વૃક્ષોના ટ્રીમીંગ અને કટીંગના કોન્ટ્રાક્ટને લઈને એક નવો વિવાદ સામે આવ્યો છે. પાલિકાના તંત્ર દ્વારા અંદાજિત રકમ કરતાં વધુ ભાવ ધરાવતું ટેન્ડર મંજૂર કરવાની હિલચાલ થતાં વહીવટી વર્તુળો સહિત રાજકીય ગલિયારાઓમાં ચર્ચા જગાવી છે. આ પ્રક્રિયાને કારણે પાલિકાની તિજોરી પર વધારાનું આર્થિક ભારણ આવવાની સંભાવના સેવાઈ રહી છે, જેને પગલે વિપક્ષ અને જાગૃત નાગરિકોમાં નારાજગી જોવા મળી રહી છે.

મળતી વિગતો અનુસાર, વડોદરા કોર્પોરેશનના દક્ષિણ ઝોન વિસ્તારમાં ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને તેમજ ટ્રાફિક વ્યવસ્થા સુચારુ રાખવાના હેતુથી વૃક્ષોના ટ્રીમીંગ-કટીંગ, રોડ ડિવાઈડરના મેન્ટેનન્સ અને અર્બન ફોરેસ્ટની યોગ્ય નિભાવણી માટે વાર્ષિક ઈજારો ફાળવવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. આ સમગ્ર કામગીરી માટે પાલિકાના પાર્ક એન્ડ ગાર્ડન શાખા દ્વારા અંદાજે રૂપિયા ૧.૩૦ કરોડનો ખર્ચ નક્કી કરવામાં આવ્યો હતો. જોકે, આ કામ માટે મંગાવવામાં આવેલા ટેન્ડરોમાં જે.પી. કન્સ્ટ્રક્શન નામની એજન્સી દ્વારા રજૂ કરવામાં આવેલો ભાવ પાલિકાના મૂળ અંદાજ કરતાં ૧.૮ ટકા જેટલો વધુ હોવાનું સામે આવ્યું છે.

નિયમ પ્રમાણે સામાન્ય રીતે ટેન્ડરો અંદાજિત કિંમત કરતાં નીચા ભાવે આવતા હોય છે અથવા તો તે જ કિંમતની આસપાસ મંજૂર થતા હોય છે. પરંતુ આ કિસ્સામાં ઈજારદાર દ્વારા ઊંચા ભાવ ભરવામાં આવ્યા હોવા છતાં તેને મંજૂરી આપવાની દિશામાં કાર્યવાહી આગળ વધારવામાં આવી છે. જો આ ઊંચા ભાવનું ટેન્ડર સ્વીકારી લેવામાં આવશે, તો વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને નિર્ધારિત બજેટ કરતાં અંદાજે રૂપિયા ૨.૩૪ લાખ જેટલી રકમ કોન્ટ્રાક્ટરને વધુ ચૂકવવી પડશે. પ્રજાના ટેક્સના નાણાંનો આ પ્રકારે વ્યય થવા સામે સવાલો ઉઠી રહ્યા છે. આ વિવાદાસ્પદ દરખાસ્ત અંગેનો આખરી નિર્ણય કોર્પોરેશનની સ્થાયી સમિતિની બેઠકમાં લેવામાં આવનાર છે. સત્તાધારી પક્ષ આ વધુ ભાવના ટેન્ડરને લીલી ઝંડી આપે છે કે પછી તેને પુનઃ ટેન્ડરિંગ માટે મોકલે છે, તેના પર સૌની નજર ટકેલી છે.

# અખિલ ભારતીય સેવાદળની ૬૨મી વસંત-રજબ વક્તૃત્વ સ્પર્ધા ૧ ઓગસ્ટે યોજાશે

**ધોરણ** ૯-૧૦ના વિદ્યાર્થીઓ માટે તક; ૨૨ જુલાઈ સુધી નોંધણી, ગુજરાતી કે હિન્દીમાં આપી શકશે વક્તવ્ય

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

અખિલ ભારતીય સેવાદળ દ્વારા છેલ્લા 62 વર્ષથી શહીદ વસંતરાવ હેગીષ્ઠે અને રજબઅલી લાખાણીની સ્મૃતિમાં યોજાતી 'વસંત-રજબ વક્તૃત્વ સ્પર્ધા'નું આ વર્ષે 62મું આયોજન 1 ઓગસ્ટે સવારે 9:30 વાગ્યે સયાજીગંજ સ્થિત વાકળ સેવા કેન્દ્ર ખાતે યોજાશે. સ્પર્ધા વડોદરા શહેર અને જિલ્લાના માધ્યમિક શાળાઓના ધોરણ 9 અને 10ના વિદ્યાર્થીઓ માટે ખુલ્લી રહેશે.

સેવાદળના મંત્રી પ્રજ્ઞાબેન પરમારે જણાવ્યું હતું કે, દરેક શાળામાંથી વધુમાં વધુ બે વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. વિદ્યાર્થીઓએ 'સેવા પરમો ધર્મ', 'AI માનવજાત માટે આશીર્વાદ કે અભિશાપ?' અથવા 'દુનિયાને યુદ્ધની જરૂર છે કે બુદ્ધની?' પૈકી કોઈ એક વિષય પર ગુજરાતી અથવા હિન્દી ભાષામાં પાંચ મિનિટનું વક્તવ્ય રજૂ કરવાનું રહેશે. નિષ્ણાતો દ્વારા વક્તૃત્વનું મૂલ્યાંકન કરવામાં આવશે. વિજેતા વિદ્યાર્થીઓને આકર્ષક ઈનામો, પ્રમાણપત્રો તેમજ ટ્રોફી અર્પણ કરવામાં આવશે. સાથે જ તમામ સહભાગી વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહક પ્રમાણપત્ર આપી તેમની પ્રતિભાને બિરદાવવામાં આવશે.

સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક શાળાઓએ પોતાના બે સ્પર્ધકોના નામ શાળાના લેટરપેડ પર લખી 22 જુલાઈ સુધી વોટ્સએપ નંબર 9428391071 પર મોકલી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ સ્પર્ધા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, અભિવ્યક્તિ કૌશલ્ય, તર્કશક્તિ અને સામાજિક જાગૃતિનો વિકાસ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. સેવાદળે શહેર અને જિલ્લાના તમામ શાળાઓને મોટી સંખ્યામાં ભાગ લઈને વિદ્યાર્થીઓની વક્તૃત્વ પ્રતિભાને પ્રોત્સાહન આપવા અપીલ કરી છે.

### વોટ્સએપ ગ્રુપ, નકલી ટ્રેડિંગ એપ અને ખોટા દસ્તાવેજોથી વિશ્વાસ જીતી છેતરપિંડી

# શેર માર્કેટ અને આઈપીઓમાં ઊંચા નફાની લાલચ આપી કલાલીના વૃદ્ધ સાથે રૂ.૧.૫૭ કરોડની ઠગાઈ

**ઠગોએ** સેબી રજિસ્ટર્ડ કંપનીના નામે ખોટા દસ્તાવેજો, નકલી ટ્રેડિંગ એપ્લિકેશનનો ઉપયોગ કઈ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા

**કોર્ટના** આદેશથી રૂ. ૫.૨૪ લાખ પરત મળ્યા, રૂ.૧.૫૧ કરોડ નહી આપતા ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

કલાલી વિસ્તારમાં રહેતા સિનિયર સિટીઝન સાથે શેર માર્કેટ અને આઈપીઓમાં ઊંચા નફાની લાલચ આપીને રૂ.1.57 કરોડની છેતરપિંડી થઈ છે. ઠગોએ સેબી રજિસ્ટર્ડ કંપનીના નામે ખોટા દસ્તાવેજો, વોટ્સએપ ગ્રુપ અને નકલી ટ્રેડિંગ એપ્લિકેશનનો ઉપયોગ કરીને વિશ્વાસમાં લઈ મોટી રકમ અલગ-અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી હતી. સમગ્ર મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાઈ તપાસ શરૂ કરવામાં આવી છે.

વડોદરા શહેરના કલાલી વિસ્તારમાં રહેતા સિનિયર સિટીઝનને વડોદરા શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ 8 ફેબ્રુઆરી, 2026થી 21 એપ્રિલ, 2026 દરમિયાન તેમને ઓનલાઈન ટ્રેડિંગ અને આઈપીઓમાં રોકાણ કરવાના બહાને વિશ્વાસમાં લીધા હતા. આરોપીઓએ પોતાને સેબી રજિસ્ટર્ડ "માર્ક સિક્યુરિટીઝ લિમિટેડ" સાથે સંકળાયેલા હોવાનું દર્શાવવા ખોટા સ્ક્રીનશોટ મોકલ્યા તેમજ "વોલ સ્ટ્રીટ ધર્મા D9" નામનું વોટ્સએપ ગ્રુપ બનાવી તેમાં વિવિધ એડમિન અને સપોર્ટ સ્ટાફના નામે વાતચીત કરી હતી.

આરોપીઓએ ટ્રેડિંગ એકાઉન્ટ ખોલવા માટે નકલી વેબ લિંક મોકલી હતી. એટલું જ નહીં, એક વ્યક્તિએ પોતાને એ.સી.પી. ગોડસે તરીકે ઓળખાવી પોલીસ અધિકારી હોવાનો ભાસ ઉભો કરીને ફરિયાદીનો વધુ વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ શેર ટ્રેડિંગ અને આઈપીઓમાં વધુ નફો અપાવવાની લાલચ આપી વૃદ્ધ પાસેથી ટુકડે-ટુકડે રૂ.1.57 કરોડ વિવિધ બેંક ખાતાઓમાં ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા હતા.

પરંતુ વૃદ્ધને પોતે રોકાણ કરેલી રકમ અને નફો પરત ન મળતા તેમને છેતરાયાની જાણ થઈ હતી. કોર્ટના આદેશથી તેમને રૂ. 5.24 લાખ પરત મળ્યા છે, જ્યારે હજુ રૂ.1.51 કરોડથી વધુની રકમ બાકી છે. આરોપીઓએ બાદમાં ફરી વોટ્સએપ મારફતે સંપર્ક કરી વધુ નાણા પડાવવાનો પણ પ્રયાસ કર્યો હતો.

આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા આઈટી એક્ટ હેઠળ ગુનો નોધી સમગ્ર રેકેટ સાથે સંકળાયેલા મોબાઈલ નંબર ધારકો, બેંક ખાતા ધારકો, નકલી એપ્લિકેશનના સંચાલકો તેમજ અન્ય તમામ સંડોવાયેલા શખ્સોની ઓળખ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# GEAની CSR પહેલથી દુમાડ ગામના વિદ્યાર્થીઓને શિક્ષણ- પોષણનો સહારો

**454** વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ્સનું વિતરણ, STEM લેબ અને માસિક પોષણ કિટ્સનો પ્રારંભ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

GEA પ્રોસેસ એન્જિનિયરિંગ (ઈન્ડિયા) પ્રા. લિ. અને GEA ફાઉન્ડેશને તેમની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પહેલ હેઠળ દુમાડ ગામમાં શિક્ષણ, પોષણ અને સમુદાય વિકાસને પ્રોત્સાહન આપતા વિવિધ કાર્યક્રમો શરૂ કર્યા છે. આ અંતર્ગત વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી પ્રત્યે રસ વધે તે માટે શાળાઓમાં STEM (સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ) લેબ્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

દુમાડ ગામની શાળાના 454 વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું, જેથી તેમને અભ્યાસ માટે જરૂરી સામગ્રી સરળતાથી ઉપલબ્ધ બને અને શાળા છોડવાનો દર ઘટે. ઉપરાંત કુપોષણ સામે લડવા માટે લાભાર્થી બાળકો અને માતાઓને દર મહિને પોષણ કિટ્સ આપવાનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે GEA પ્રોસેસ એન્જિનિયરિંગ (ઈન્ડિયા)ના સિનિયર ડિરેક્ટર ધારા પારેખે જણાવ્યું હતું કે કંપનીનું વિઝન Engineering with a Purpose છે અને વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, જિજ્ઞાસા તથા નવીનતા વિકસાવી ભવિષ્યના એન્જિનિયરો તૈયાર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. કાર્યક્રમમાં ફુલક્રમના કો-CEO પાર્થેશ વ્યાસ, સરપંચ કલ્પનાબેન ચૌહાણ, તલાટી મીનાબેન ચૌધરી, શાળાના આચાર્યો, આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાંભળવાની ક્ષમતા ગુમાવનાર વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ

(પ્રતિનિધિ) વડોદરા, તા. ૩

દિવ્યાંગ વિદ્યાર્થીઓના શિક્ષણ માટે કાર્યરત 'નીલમ પટેલ બહુશ્રુત ફાઉન્ડેશન' દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે શિષ્યવૃત્તિ જાહેર કરવામાં આવી છે. ગુજરાત અને મહારાષ્ટ્રના સાંભળવાની ક્ષમતા ગુમાવનાર વિદ્યાર્થીઓ માટે આ યોજના આશાનું કિરણ બની છે. ૧૯૯૩માં સ્થાપિત ફાઉન્ડેશને ૩૩ વર્ષમાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપી છે. ફાઉન્ડેશનનો ઉદ્દેશ્ય આવા વિદ્યાર્થીઓને સમાન શૈક્ષણિક તક આપીને મુખ્ય પ્રવાહમાં જોડવાનો છે. ફાઉન્ડેશન ૨૦૧૭થી 'સ્ટડી અબ્રોડ સ્કોલરશિપ' પણ ચલાવે છે, જેના હેઠળ વિદેશની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવે છે. અરજી ફાઉન્ડેશનની વેબસાઈટ [www.bahushrutfoundation.org] (http://www.bahushrutfoundation.org) પરથી કરી શકાય છે. વધુ માહિતી માટે મો.૯૬૮૭૭૮૧૪૩૦ પર સંપર્ક કરી શકાય છે.

# 'લવ લેટર ટુ વડોદરા' થીમ પર ૧૮૦થી વધુ રીલ્સ, શ્રેષ્ઠ ૩નું સન્માન



(પ્રતિનિધિ) વડોદરા તા.3

સોશિયલ મીડિયા ડે નિમિત્તે ઈનોર્બિટ મોલ વડોદરાએ ક્રિએટર્સ મીટની ત્રીજી આવૃત્તિનું આયોજન કર્યું હતું. કાર્યક્રમમાં શહેરના કન્ટેન્ટ ક્રિએટર્સ, ડિજિટલ ઉત્સાહીઓ અને ઈન્ડસ્ટ્રી નિષ્ણાતોએ ભાગ લઈ નેટવર્કિંગ, જ્ઞાનવર્ધન અને સર્જનાત્મક વિચારોની આપ-લે કરી હતી.

'લવ લેટર ટુ વડોદરા' થીમ આધારિત સોશિયલ મીડિયા સ્પર્ધામાં શહેર પ્રત્યેનો અનોખો દૃષ્ટિકોણ રજૂ કરતી તેમજ ઈનોર્બિટ મોલને સર્જનાત્મક રીતે દર્શાવતી રીલ્સ બનાવવા આમંત્રણ અપાયું હતું. આ સ્પર્ધાને ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો હતો અને 180થી વધુ એન્ટ્રીઓ પ્રાપ્ત થઈ હતી.

મૂલ્યાંકન બાદ શ્રેષ્ઠ ત્રણ વિજેતાઓને તેમની મૌલિકતા, સર્જનાત્મકતા અને આકર્ષક કન્ટેન્ટ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પહેલથી સ્થાનિક ટેલેન્ટને પ્રોત્સાહન મળ્યું હતું અને નવા ડિજિટલ સ્ટોરીટેલર્સને પોતાની પ્રતિભા રજૂ કરવાની તક મળી હતી. ઈનોર્બિટ મોલના જણાવ્યા મુજબ, ક્રિએટર્સ મીટ શહેરના વિકસતા ક્રિએટર ઈકોસિસ્ટમને મજબૂત બનાવતું મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની રહ્યું છે. ભવિષ્યમાં પણ સ્થાનિક ક્રિએટર્સને નવી તકો અને પ્રેરણા મળે તે માટે આવી પહેલો સતત ચાલુ રાખવામાં આવશે.

### વડોદરામાં મનપાની ફૂડ સેફ્ટી ટીમનો સપાટો, ૧૪.૫ કિલો અખાદ્ય ખોરાક નષ્ટ

# રાત્રી બજાર, છાણી ફૂડ કોર્ટ અને અકોટા સ્ટેડિયમ વિસ્તારમાં ૪૫ એકમોની તપાસ

**પંજાબીમાંથી** કલરવાળી ગ્રેવી, રાજસ્થાન કુલ્ફી હાઉસમાંથી વાસી જ્યુસ અને કુલ્ફી તેમજ બોમ્બે મોમોઝમાંથી વાસી મોમોઝનો જથ્થો નષ્ટ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

વડોદરા મહાનગરપાલિકાના ફૂડ સેફ્ટી વિભાગે શહેરના વિવિધ ખાણીપીણીના કેન્દ્રો પર સઘન તપાસ હાથ ધરી અખાદ્ય અને વાસી ખોરાક સામે કડક કાર્યવાહી કરી છે. મ્યુનિસિપલ કમિશનરની સૂચના અને ડેઝિગ્નેટેડ ઓફિસરના માર્ગદર્શન હેઠળ ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ વેન સાથેની ટીમોએ રાત્રી બજાર, છાણી ફૂડ કોર્ટ અને અકોટા સ્ટેડિયમ વિસ્તારમાં ચેકિંગ હાથ ધર્યું હતું.

આ ઝુંબેશ દરમિયાન 29 હોકર અને 16 ફૂડ વેન્ડિંગ યુનિટ સહિત કુલ 45 એકમોની તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત 121 જેટલા ફૂડ વેન્ડર્સ અને કર્મચારીઓને સ્વચ્છતા, ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તાના નિયમો અંગે માર્ગદર્શન આપીને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

તપાસ દરમિયાન મરચા પાવડર, હળદર, પનીર, ચીઝ, જ્યુસ, મોમોઝ અને પ્રીપેડ ગ્રેવી સહિત કુલ 79 ખાદ્યપદાર્થોના સ્થળ પર જ પરીક્ષણ કરવામાં આવ્યા હતા. જેમાંથી 10 નમૂનાઓ શંકાસ્પદ અને અખાદ્ય જણાતા કુલ 14.5 કિલો ખાદ્યસામગ્રીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

અકોટા સ્ટેડિયમ પાસેની ઓમ સિંગ એન્ડ ફરસાણમાંથી કલરવાળા રોસ્ટેડ વટાણા, રાત્રી બજારના માં પંજાબીમાંથી કલરવાળી ગ્રેવી, રાજસ્થાન કુલ્ફી હાઉસમાંથી વાસી જ્યુસ અને કુલ્ફી તેમજ બોમ્બે મોમોઝમાંથી વાસી મોમોઝનો જથ્થો નષ્ટ કરવામાં આવ્યો હતો. ઉપરાંત છાણી ફૂડ કોર્ટના શેરે પંજાબમાંથી વાસી બાફેલી નૂડલ્સ અને ઢોસા સેન્ટરમાંથી વાસી કોપરાની ચટણીનો જથ્થો પણ જપ્ત કરીને નાશ કરાયો હતો. મનપાની આ કાર્યવાહીથી નિયમોનું ઉલ્લંઘન કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# લાયન દીપકભાઈ અમીન 'દીપ સિદ્ધિ ગોલ્ડ લીડરશિપ એવોર્ડ'થી સન્માનિત

**લાયન્સ ક્લબ્સ** ઇન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ F1ના સમારંભમાં નેતૃત્વ અને સેવાકીય યોગદાનની થઈ કદર



(પ્રતિનિધિ) વડોદરા તા.3

લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 3232 F1 દ્વારા ગ્રાન્ડ મર્ક્યુરી, સૂર્યા પેલેસ ખાતે યોજાયેલા 'દીપ સેલિબ્રેશન-2025-26' કાર્યક્રમમાં લાયન દીપકભાઈ અમીનને પ્રતિષ્ઠિત 'દીપ સિદ્ધિ (ગોલ્ડ લીડરશિપ) એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન દીપકભાઈ સુરાણાના નેતૃત્વમાં યોજાયેલા આ સમારંભમાં વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરનાર હોદ્દેદારોનું સન્માન કરવામાં આવ્યું હતું.

લાયન દીપકભાઈ અમીને ઈન્ટરનેશનલ કમિટી તથા ડિસ્ટ્રિક્ટ પબ્લિક રિલેશન્સ ઓફિસર (PRO) તરીકે સંગઠનના વિકાસ, અસરકારક જનસંપર્ક, સુદૃઢ સંકલન અને સેવાકીય પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર યોગદાન બદલ આ સન્માન પ્રાપ્ત કર્યું હતું.

**જાહેર સમન્સ**

વાદી ના વિ.વ.શ્રી જી.એ. પટેલ

નડીઆદ ના મહે. છઠ્ઠા એડી. સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જ્યુ. મેજી. (Mrs.N.T.Karia) સાહેબની કોર્ટમાં, નડીઆદ

રેગ્યુલર દરખાસ્ત નં. ૧૮/૨૦૨૫

દરખાસ્તદાર : લક્ષ્મણભાઈ જેઠાભાઈ પરમાર ચાલુ દાવે ગુજરી જતા તેમના વારસો આંક

વિરૂદ્ધ

સમાવાળા : (૨) સચી કન્સ્ટ્રકશન કંપની
રહે. ૧૨/બી, નુતનભારત સોસાયટી, અલ્કાપુરી, વડોદરા

સદર રેગ્યુલર દરખાસ્તમાં જાહેર સમન્સથી તમો ઉપરોક્ત સામાવાળાને જણાવવાનું કે, તમો સામાવાળાને ઉપરોક્ત સરનામે કોર્ટથી સમન્સની બજવણી કરવા માટે સમન્સ વારંવાર મોકલવા છતાં તમોને બજેલ ના હોય જેથી સદર જાહેર સમન્સથી જણાવવામાં આવે છે કે, તમો સદર હુ કેસનો બચાવ કરવા માંગતા હોય તો તમો રૂબરૂ અગર તમારા માહિતગાર વકીલ મારફતે અત્રેની કોર્ટમાં મુદ્દત તારીખ : ૧૮-૦૭-૨૦૨૬ અગર તે પહેલા દસ્તાવેજી પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો, જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય કાર્યવાહી તમારી વિરૂદ્ધ કરવામાં આવશે.

આજ તારીખ ૨૯ જુન ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર આસીસ્ટન્ટ (એમ.પી. ચૌધરી) | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર બેન્ચ કલાર્ક-2 (સી.પી. રોહીત) | હુકમથી રજીસ્ટ્રાર (એ.આઈ.મોમીન) મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ, નડીઆદ

**જાહેર નોટીસ**

વાદીના વ.શ્રી. એસ.એમ. સોની

નડીઆદના મે. એડી.સીવીલ જજ અને જ્યુ. મેજી.ફ.ક.કુ.ડી.પી. છાટબાર સાહેબની કોર્ટમાં, મું. નડીઆદ.

રે.દિ.મુ.નં. ૭૨/૨૦૨૫

અરજદાર : પટેલ દર્શન મુકેશકુમાર આંક-
રહે- ડી/૪૨, સરદારનગર, કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી, નડિઆદ-૩૮૭૦૦૨

વિરૂદ્ધ

સમાવાળા : હેર સેન્ટર સલુનના અધિકૃત વ્યક્તિ તરીકે કૃણાલ લીંબાચિયા
શોપ નં. ૦૧, ઓઝોન બિલ્ડીંગ, વિક્રમ સારાભાઈ માર્ગ, વડોદરા-૩૯૦૦૨૩.

આથી સદર જાહેર સમન્સ/નોટીસથી જણાવવાનું કે, ઉપરોક્ત કામના વાદી દ્વારા પ્રતિવાદીઓ વિરૂદ્ધ રૂપિયા ૩૫,૦૦૦/-ના આંકથી લેણી પડતી રકમ વસુલવા માટે અત્રેની કોર્ટમાં રેગ્યુલર દાવો દાખલ કરેલ છે. તથા પ્રતિવાદીને કોર્ટથી નોટીસ કાઢવામાં આવેલ હતી તેમાં પ્રતિવાદી નાઓના સરનામે નોટીસ કાઢતા સદર હું વ્યક્તિ નોકરી છોડી દિધેલ છે. તથા સામાવાળાની ઓફીસને તાળુ મારેલ છે. તેવા શેરા સાથે બીનબજે પરત આવેલ છે. તેમજ પ્રતિવાદીનું ચોક્કસ સરનામુ મળી આવતુ ન હોય, વાદી દ્વારા આંક-૧૪થી દૈનિક પેપર જાહેર સમન્સ માટે અરજી આપેલ છે જે નીચે નામદાર કોર્ટના થયેલ હુકમ મુજબ સદર જાહેર સમન્સથી તમો પ્રતિવાદીને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબર નો દાવો તમારી વિરૂદ્ધ વાદીએ કરેલ હોય તમો તમારો બચાવ કરવા માગતા હોય તો તમો અગર તમારા માહિતગાર વકીલ મારફતે અત્રેની કોર્ટમાં દસ્તાવેજી પુરાવા સાથે આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં અગર તો તે પહેલા હાજર થવા નોંધ લેશો. જો તમે કરવામાં કસુર કરશો તો સદર દાવા અંગે આગળની ન્યાયિક કાર્યવાહી કરી નીકાલ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આ જ તારીખ ૨૩મી જુન ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર (એ.બી. સોલંકી) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર (કે.જે. શર્મા) સુપ્રિટેન્ડન્ટ | હુકમથી ઈ.ચા.રજીસ્ટ્રાર સીની. સીવીલ કોર્ટ, નડીઆદ

# દશરથ ITI ખાતે જિલ્લા કક્ષાનું પ્રોજેક્ટ-વર્કિંગ મોડેલ પ્રદર્શન યોજાયું




**ગોરવા** ITIના તાલીમાર્થીઓના મોડેલ બન્યા આકર્ષણનું કેન્દ્ર

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરાની દશરથ આઈટીઆઈ ખાતે જિલ્લા કક્ષાનું પ્રોજેક્ટ અને વર્કિંગ મોડેલ પ્રદર્શન યોજાયું હતું. જેમાં જિલ્લાના વિવિધ આઈટીઆઈના તાલીમાર્થીઓએ ભાગ લઈ પોતાની તકનિકી કુશળતા અને સર્જનાત્મકતાનું પ્રદર્શન કર્યું હતું. ગોરવા આઈટીઆઈના તાલીમાર્થીઓના મોડેલો ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

ગોરવા આઈટીઆઈના આચાર્ય કે.પી. ત્રિવેદી અને કે.કે. મેરાઈના માર્ગદર્શન હેઠળ ઈલેક્ટ્રીશિયન, ફીટર, વાયરમેન, ઓટોમોબાઈલ, વેલ્ડર અને ડ્રાફ્ટસમેન સિવિલ સહિત વિવિધ ટ્રેડના તાલીમાર્થીઓએ તાલીમ દરમિયાન તૈયાર કરેલા પ્રોજેક્ટ અને વર્કિંગ મોડેલો રજૂ કર્યા હતા. તાલીમાર્થીઓએ પોતાના મોડેલની કાર્યપદ્ધતિ અંગે મુલાકાતીઓને વિસ્તૃત માહિતી આપી હતી.

ફીટર ટ્રેડના ઈન્સ્ટ્રક્ટર વી.એમ. પંચાલ સહિત વિવિધ ટ્રેડના ઈન્સ્ટ્રક્ટરોએ તાલીમાર્થીઓને સતત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રદર્શનથી વિદ્યાર્થીઓની તકનિકી સમજ, નવીન વિચારસરણી અને પ્રાયોગિક કૌશલ્યને વધુ પ્રોત્સાહન મળ્યું હતું.

# ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી ડેલિગેશન ટુ યુકેમાં વડોદરાના ઉદ્યોગપતિ વિરલ ચૌધરીની પસંદગી

(પ્રતિનિધિ) વડોદરા તા.3


ભારત અને યુકે વચ્ચે 15 જુલાઈથી અમલમાં આવનારા કોમ્પ્રીહેન્સિવ ઈકોનોમી ટ્રેડ એગ્રીમેન્ટ (CETA) પૂર્વે લંડનમાં યોજાયેલા ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી ડેલિગેશન ટુ યુકેમાં વડોદરાના ઉદ્યોગપતિ તથા લઘુ ઉદ્યોગ ભારતી, વડોદરાના પ્રમુખ વિરલ ચૌધરીની પસંદગી કરવામાં આવી હતી. તેઓ ભારત સરકારના કોમર્સ અને ઈન્ડસ્ટ્રી મંત્રી પિયુષ ગોયલના નેતૃત્વ હેઠળ લંડન પહોંચેલા ઉદ્યોગપતિઓના પ્રતિનિધિમંડળમાં સામેલ થયા હતા.



વિરલ ચૌધરીએ જણાવ્યું હતું કે, CETA અમલમાં આવ્યા બાદ ટેક્સટાઈલ, ફૂટવેર, લેધર, એન્જિનિયરિંગ ગુડ્સ, ઓટોમોટિવ કોમ્પોનન્ટ, ફાર્મા, કેમિકલ, મેડિકલ ડિવાઈસ અને મરીન પ્રોડક્ટ્સ સહિત અનેક ક્ષેત્રોમાં 0 ટકા ટેરિફનો લાભ મળશે. પરિણામે ભારતીય ઉદ્યોગોને નિકાસમાં સરળતા મળશે અને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મકતા વધશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, આ કરારથી ડિફેન્સ, એરોસ્પેસ અને નેવલ ક્ષેત્રમાં સંયુક્ત સંશોધન તથા વિકાસને પણ પ્રોત્સાહન મળશે. ઉપરાંત ભારતીય મેડિકલ ડિવાઈસ માટે CDSCO અને ICMED જેવા ભારતીય પ્રમાણપત્રોને વધુ સ્વીકાર મળવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રવેશ સરળ બનશે. CETAના અમલથી વડોદરા સહિત ગુજરાતના ઉદ્યોગોને નવા વૈશ્વિક બજારોમાં વિસ્તરણની નોંધપાત્ર તક મળશે.

# નાટ્ય સાંજ સાથે ડૉક્ટર્સ ડેની અનોખી ઉજવણી, ૩૦૦થી વધુ ડૉક્ટર હાજર



'વેલકમ જિંદગી' નાટકના આયોજનમાં 300થી વધુ ડોક્ટરો જોડાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.3

HCG કેન્સર સેન્ટર વડોદરાએ ડૉક્ટર્સ ડે નિમિત્તે શહેરના તબીબી સમુદાય માટે સર સયાજીરાવ નગરગૃહ ખાતે વિશેષ નાટ્ય સાંજનું આયોજન કર્યું હતું. કાર્યક્રમમાં શહેરના 300થી વધુ ડૉક્ટરો ઉપસ્થિત રહ્યા હતા અને સૌમ્ય જોશી દ્વારા લખાયેલું તેમજ તેમની ટીમ દ્વારા રજૂ કરાયેલું લોકપ્રિય ગુજરાતી નાટક 'વેલકમ જિંદગી' માણ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ દર્દીઓની સેવા માટે સતત કાર્યરત ડૉક્ટરોના સમર્પણને બિરદાવવાનો તેમજ તેમની વ્યસ્ત દિનચર્યામાંથી થોડો વિરામ આપી સાથી તબીબો સાથે આનંદની ક્ષણો વિતાવવાની તક પૂરી પાડવાનો હતો. જીવન, સંબંધો અને હકારાત્મકતાનો સંદેશ આપતા નાટકે ઉપસ્થિત ડૉક્ટરોને સ્પર્શી ગયા હતા.

કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રના તબીબોને પરસ્પર અનૌપચારિક મુલાકાત અને વિચારવિમર્શની તક પણ મળી હતી. HCG કેન્સર સેન્ટરે જણાવ્યું હતું કે આરોગ્ય ક્ષેત્રના યોદ્ધાઓના યોગદાનને સન્માનિત કરવાની સાથે તેમની માનસિક સુખાકારીને પ્રોત્સાહન આપવાનો પણ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય હતો.

100થી વધુ બેડની સુવિધા ધરાવતું HCG કેન્સર સેન્ટર મધ્ય ગુજરાતમાં અદ્યતન કેન્સર સારવાર માટે જાણીતું કેન્દ્ર છે, જ્યાં દા વિન્સી રોબોટિક સર્જરી સહિતની આધુનિક ટેક્નોલોજી દ્વારા સર્વગ્રાહી સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે.